આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



સંતાનોને પુરૂષાર્થ અને પરિશ્રમની ટેવ પાડવી એ આર્થિક વારસા કરતાં વધુ સારી બાબત છે
- વ્હીટલી

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૭૬ | ૫ સપ્ટેમ્બર, ૨૦૧૨, બુધવાર; અધિક ભાદરવા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં વણથંભી વિકાસયાત્રામાં બીજા તબક્કામાં પાંચ કરોડના ખાતમુર્હત અને લોકાર્પણના ૬૨ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૪
ગાંધીનગર જિલ્લામાં બીજા તબક્કાની વણથંભી વિકાસ યાત્રા ગુરૂવારથી આરંભાશે. આ વણથંભી વિકાસયાત્રા દરમિયાન રૂ. ૫ કરોડના ખાતમુહુર્ત તથા લોકાર્પણના ૬૨ જેટલા કાર્યક્રમો યોજવામાં આવશે.

રાજયના આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસ, જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી જયસિંહ ચૌહાણ, ખાદી બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, શ્રી ઝવેરભાઈ ચાવડા તથા જેડાના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ એમ. ભાવસાર આ યાત્રામાં જોડાશે.

મળતી વિગતો મુજબ આ યાત્રા દરમિયાન ૨ કરોડ ૨૨ લાખના ૨૯ જેટલા કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. જયારે ૨ કરોડ ૫૦ લાખથી વધુ કિંમતના ૩૮ કામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

શ્રી જયસિંહ ચૌહાણ ગાંધીનગરમાં યાત્રાનો આરંભ કરાવશે અને તેમની સાથે જેડાના ચેરમેન શ્રી આઈ.એમ. ભાવસાર ઉપસ્થિત રહેનાર છે. જયારે આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ કલોલ અને શ્રી વાડીભાઈ પટેલ દહેગામ ખાતે યાત્રાનો પ્રારંભ કરાવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં અગાઉ એક તબક્કો વણથંભી વિકાસ યાત્રાનો યોજાઈ ગયો જેમાં મળેલા નબળા પ્રતિસાદ બાદ જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપે આજે અધિકારીઓ સાથે કાર્યક્રમના આયોજનને લઈ સમીક્ષા બેઠક યોજી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો બાદ ગુટખા દહનનું ખાસ આયોજન કરવામાં આવનાર છે. રાજયમાં ૧૧મી સપ્ટેમ્બરે ગુટખા પર પ્રતિબંધ લાગુ થતો હોઈ આ મુદ્દે લોક જાગૃતિ કેળવાય તે હેતુથી ગુટખા દહનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

શનિવારે દહેગામ અને ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પાંચ મહાનુભાવોના હસ્તે ૩૯૭૫થી વધુ લાભાર્થીઓને રૂ.૭ કરોડની સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં બીજા તબક્કામાં યોજાઈ રહેલ વણથંભી વિકાસ યાત્રામાં વધુને વધુ લોકો જોડાય તે માટે તંત્ર તૈયારીમાં લાગી ગયું છે. ગત વખતના નબળા પ્રતિસાદને પગલે તંત્રએ આ વખતે આગોતરૂ આયોજન અને સમીક્ષા બેઠકોનો સતત દોર ચાલુ રાખ્યો છે.

મળતી વિગતો પ્રમાણે દરેક લોકાર્પણ અને ખાતમુહુર્તના

● અનુસંધાન પાન-૭ પર



આજીવન શિક્ષક ડો. સર્વપલ્લી રાધાક્રિષ્નન અસાધારણ પ્રતિભા ધરાવતા શિક્ષક તરીકે ખ્યાતિ પામ્યા અને એટલે જ એમના જન્મદિનને શિક્ષક દિન તરીકે ઉજવવામાં ગૌરવ અનુભવાય છે. આવો આપણે સૌ સાથે મળી પ્રતિભાશાળી શિક્ષકોને સન્માનીએ... ગુરૂ પરંપરાને ઉજાગર કરીએ.... શિક્ષકોનું માન-સન્માન સાચવવાનો પ્રમાણિક પ્રયાસ કરીએ.... એ જ શિક્ષક દિનની સાચી ઉજવણી છે...

# ચ-૦ થી કોબા માર્ગ પર ગુડા વોકવે બનાવાશે

## અંદાજિત ૭ કિ.મી.ના આ રૂટમાં માર્ગ આસપાસ ફૂટપાથ બનશે : સ્ટ્રીટલાઈટ અને બાકડાની પણ વ્યવસ્થા કરાશે

ગાંધીનગર, તા. ૪
શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા



ચ-૦ થી કોબા તરફના માર્ગ આસપાસ ફૂટપાથ નિર્માણ અને સ્ટ્રીટલાઈટનું કામ હાથ ધરવામાં આવ્યું છે. અંદાજિત રૂ. ૨.૮૦ કરોડની આ કાર્યયોજના અન્વયે ૭ કિ.મી.ના આ રૂટમાં બાકડા તેમજ યુરિનલની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે. પગપાળા જતા માંઈ ભક્તોને ધ્યાને લઈ આ કામગીરી ભાદરવી પૂનમ પૂર્વે પૂર્ણ કરી દેવા પણ પ્રયાસો હાથ ધરાયા છે.

શહેરી વિસ્તારમાં માર્ગ નવીનીકરણ તેમજ ફૂટપાથની મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવાયા બાદ ન્યૂ ગાંધીનગરના વિસ્તારમાં પણ પાયાની સુવિધાના કામો ઝડપભેર હાથ ધરવામાં આવ્યા છે. શહેરી વિસ્તારના મુખ્ય અને આંતરિક માર્ગો આસપાસ ફૂટપાથની આભા ઉભી કરાયા બાદ ગુડા વિસ્તારમાં પણ આ કામગીરી હાથ ધરવાનું આયોજન કરાયું છે. શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ચ-૦ થી કોબા સુધીના અંદાજિત ૭ કિ.મી.ના મુખ્યમાર્ગ આસપાસ વોકવે બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અંદાજિત રૂ. ૨.૮૦ કરોડના ખર્ચે હાથ ધરાનારી આ કામગીરી અન્વયે વોકવેના રૂટમાં સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે. આ ઉપરાંત ફૂટપાથને અનુલક્ષી જરૂરી સ્થળોએ બાકડા પણ મુકવામાં આવશે. જ્યારે વોકવેના રૂટમાં અમુક ઠેકાણે યુરિનલની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે. ભાદરવી પૂનમને ધ્યાને લઈ પગપાળા જતા માંઈભક્તોને ટ્રાફિક નડતરરૂપ ન થાય અને વોક વે ની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે આ કામગીરી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે. આજે ગુડાના ચેરમેન અશોક ભાવસાર સહિત તંત્રના અધિકારીઓ દ્વારા ભૂમિપૂજનની વિધિ પૂર્ણ કરવામાં આવી હતી.




# જન-જનની સ્વાસ્થ્ય સુખાકારીનું વ્યાપક ફલક વિસ્તારતું ગુજરાત

## ગુજરાત આખું ખિલખિલાટ છે, કેટલાક કકળાટ કરે છે તેની પરવા નથી : મુખ્યમંત્રી



ગાંધીનગર, તા.૪
મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગુજરાત સરકાર દ્વારા જનસુખાકારી અને આરોગ્ય સેવાઓની યોજનાઓનું લોકાર્પણ કરતાં ગૌરવપૂર્વક જાહેરાત કરી હતી કે પશ્ચિમના વિકસીત દેશોમાં જ ઉપલબ્ધ થતી અને ભારતમાં જેની કલ્પના પણ થઈ શકે નહીં તેવી આરોગ્ય સંભાળની ઉત્તમ સુવિધા ગરીબમાં ગરીબ કુટુંબ અને માતા-બાળકને મળી રહે એવો સંકલ્પ આ સરકારે સાકાર કરી બતાવ્યો છે.

ગુજરાત સરકારના સૌનો સાથ સૌનો વિકાસના મંત્રની સફળતાથી ગુજરાત આખું ખિલખિલાટ કરે છે ત્યારે તેની ઈર્ષાથી પીડાતા કેટલાક કકળાટ કરી રહ્યા છે, પણ આ સરકાર માટે સામાન્ય માનવીની સુખાકારી જ જનસેવાનો સંકલ્પ છે એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના ઉપક્રમે આજથી ત્રણ જનસુખાકારીની આરોગ્ય રક્ષાની યોજનાઓનો પ્રારંભ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો જેમાં ●ગરીબી રેખા નીચેના દરિદ્રનારાયણ કુટુંબોમાં અસાધ્ય રોગનો ભોગ બનેલા દર્દીને નવજીવન આપવા માટે રૂા. બે લાખ સુધીની ઉત્તમ સારવાર મળી રહે તે માટેની રૂા. ૨૦૦ કરોડની મુખ્યમંત્રી અમૃતમ્- માં યોજના ● ગરીબ પ્રસૂતા માતા અને તેના

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો કૉલેજના વિદ્યાર્થીઓને લેપટોપ આપશે

## સ્વનિર્ભર કોલેજોમાં મધ્યમવર્ગ બાળકોની કુલ ૩૦ ટકા ફી સરકાર ભરશે : કોંગી દ્વારા ૬૨ મુદ્દાની જાહેરાત થઈ

અમદાવાદ, તા.૪
ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ દ્વારા ગુજરાત પ્રજા વિકાસ દર્શન ૨૦૧૨ના ૬૨ મુદ્દાની જાહેરાત કરી છે. ગુજરાતમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો ધો. ૧૨ પછીના તમામ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે લેપટોપ અપાશે. સ્વનિર્ભર કોલેજોમાં ભણતા ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓની ૩૦ ટકા ફી સરકાર ભરશે. આ માટે વિદ્યાનિધીની રચના કરાશે. આ ઉપરાંત રમતગમતનું મેદાન અને વાંચનાલય વગરની કોઈ શાળાને મંજૂરી અપાશે નહીં. વિશ્વકક્ષાના ખેલાડીઓ તૈયાર કરવા ગુજરાત ઓલમ્પિક એકેડેમીની રચના કરીને વિવિધ રમતો માટે દેશ-વિદેશના શ્રેષ્ઠ કોચ નિમાશે. તાલુકા કક્ષાએ રમત-ગમત સંકુલો સ્થપાશે. તેમજ ખાનગી શાળા-કોલેજોના શિક્ષકોને પૂરા પગાર ધોરણ આપવા માટ ખાસ ધારો બનાવાશે. કુલપતિઓની નિમણુંકોમાં મામકાવાળી બંધ યુનિ. ગ્રાન્ટ કમિશનના ધારા ધોરણનો અમલ, સરકારી પ્રા. શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની નિમણુંક અને ખાનગી શાળાઓમાં આરટીઈના કાનૂન મુજબ ૨૫ ટકા બેઠકો ગરીબ બાળકો માટે અનામત રાખી તેની ફી સરકાર ભરશે. શહેરોમાં વિદ્યાર્થીઓ માટે સરકારી હોસ્ટેલો બનાવાશે અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે શાળા-કોલેજોમાં જવા-આવવા માટે વિદ્યાર્થી સ્પેશીયલ એસ.ટી. બસ સુવિધા ઉપલબ્ધ કરાવાશે.પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ના ૬૨ મુદ્દાની

● અનુસંધાન પાન-૭ પર




